# રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ-રાજકોટ

શ્રી ચીમનભાઈ પટેલ વિકાસ ભવન, પો. બો. નં.-૨૩૮, જામનગર રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧.

## -: બાંધકામના વિકાસ માટેની પરવાનગી :-(IDNo : 410340)

પ્રકરણ ક્રમાંક નં. રૂડા/ટેક/ડેવ/માધાપર/૨૫૭/૧૭/૩૯૦૭ તા. ૧૩ - ૦૯ - ૨૦૧૭

નામ : મે. માધવ ડેવલોપર્સ - - - -

સરનામુ : [illegible] સંજય રાઠોડ, ૪૦૪, [illegible], રજપુતપરા જે. રોડ - રાજકોટ

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ (સને-૧૯૭૬ નો રાષ્ટ્રપતિ અધિનિયમ નંબર-૨૭)ની કલમ-૨૬, ૨૭, ૨૯ (૧) અને ૩૪, ૪૯, પ્રમાણે બાંધકામ વિકાસ પરવાનગી, પાછળ જણાવેલ તેમજ નીચે જણાવેલી ખાસ શરતોને અનુસરીને મોજે : ગામ- માધાપર તાલુકો- રાજકોટ નાં સર્વે નં.- ૯૨/પૈકી ટી.પી.એસ.નં.- -x- એફ.પી. નં.- -x- ના પ્લોટ નં.- (૪૫) સબ પ્લોટ નં.- -x- ના ક્ષેત્રફળ (ચો.મી.) ૩૫૭.૬૦ માં રહેણાંક હેતુ માટે તમારી હદમાં તમારા જોખમે આપવામાં આવે છે.

કામનું વર્ણન :- રહેણાંક હેતુ માટે રીવાઈઝ્ડ બાંધકામ પ્લાન : (લો-રાઈઝ્ડ ફ્લેટ)

| બાંધકામનો પ્રકાર | બાંધકામનું ઉપયોગી ક્ષેત્રફળ ચો. મી. | બાંધકામની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| રહેણાંક નાં હેતુ માટે ~~એમોલ્ગમેશન~~/ ~~સબ પ્લોટીંગ~~/ બાંધકામ પ્લાન (રીવાઈઝ્ડ લો-રાઈઝ્ડ ફ્લેટ) | GF - ૧૭૧.૮૦<br>FF - ૧૭૧.૮૦<br>SF - ૧૭૧.૮૦<br>TF - ૧૭૧.૮૦<br>FOF - ૧૭૧.૮૦<br>STR/LIFT - ૦૨૬.૦૦<br>કુલ બાંધકામ ક્ષેત્રફળ - ૮૮૫.૦૦ ચો.મી.<br>ગ્રા. ફ્લોર માં પાર્કિંગ છે.<br>કુલ મળીને (૨૨) ફ્લેટ છે. | (૧) (એક) | (૧) કુલ પ્લોટ ક્ષેત્રફળ ૩૫૭.૬૦ ચો.મી.<br>(૨) કુલ બાંધકામ ક્ષેત્રફળ ૮૮૫.૦૦ ચો.મી. |

**ખાસ શરતો :-**

૧. નગર રચના યોજના નં. -x- ટી. પી. ઓ. શ્રી ધ્વારા અંતિમ કરતા જે કાંઇ ફેરફાર થશે તે બંધનકર્તા રહેશે.

૨. માલિકી પુરતી જમીનના રીવાઇઝડ બાંધકામના પ્લાન રહેણાંક હેતુ માટેનો ઉપર દર્શાવ્યા મુજબના વપરાશ માટે જ મંજુર કરવામાં આવે છે.

૩. માલિકી પુરતી જમીનની એકત્રીકરણ ફી રૂા. -x- વસુલ કરી એકત્રીકરણ પણ મંજુર કરવામાં આવેલ છે.

૪. સબ પ્લોટીગ તથા બાંધકામ પ્લાન માટેની અરજી અન્વયે ડેવલપમેન્ટ ચાર્જના રૂા. ૨૮૮૮/- તથા રૂા. ૧૬૫/- મળી કુલ રૂા. ૩૦૫૩/- તા. ૦૬ - ૦૯ - ૨૦૧૭ થી ભરપાઇ કરેલ છે.

૫. બાંધકામ પ્લાન અન્વયે થતી સર્વિસ એમેનીટી ફી રૂા. ૨,૬૫,૫૦૦/- તા. ૦૬/૦૯/૧૭ થી ભરપાઇ કરેલ છે. અને પ્લોટમાં વૃક્ષો વાવવા/જાળવવા અંગેની ટ્રી પ્લાન્ટેશન ડીપોઝીટ પણ ભરપાઇ થયેલ છે.

૬. માલિકી પુરતી જમીનના સબ ~~પ્લોટીંગ પ્લાન~~/બાંધકામ પ્લાન રેગ્યુલરાઇઝેશન ફી રૂા. ૮૨૪૦/- વસુલ કરી રેગ્યુલરાઇઝ કરી મંજુર કરવામાં આવે છે.

૭. પ્લાનમાં દર્શાવ્યા મુજબના માર્જીન છોડવાના રહેશે.

૮. અત્રેથી અપાયેલ અગાઉની તા. ૯/૯૨/૯૫ ની પરવાનગી હવેથી રદ થયેલ ગણાશે.

૯. અંતિમ નગર રચના યોજના નં. — x — મંજુર થયેલ છે, જે અન્વયે બેટરમેન્ટ ચાર્જ રૂા. — x — તા. — x — નાં રોજથી વસુલ કરેલ છે.

૧૦. માલકી જમીનમાં ખાળકુવો બનાવી તેમાં શૌચાલયના ગંદા પાણીનો નિકાલ કરવાનો રહેશે. તેમજ રેઇન વોટર હાર્વેસ્ટીંગ સીસ્ટમ બેસાડવાની રહેશે. જે અંગે અત્રેથી ખરાઇ કરવી લેવાની રેહશે.

૧૧. સ્થાનિક સંસ્થા ગ્રામ પંચાયત માધાપર ની રજા ચીઠ્ઠી લેવાની રહેશે. જે ઓક્યુપન્સી સર્ટીફીકેટ મેળવતા પહેલા અત્રે રજુ કરવાની રહેશે.

૧૨. સ્ટ્રકચરલ ડીઝાઇન તથા ડ્રોઇંગ, એસ. બી. સી. રીપોર્ટ અને ફોર્મ નં. – ૧૨ તમામ વિગતો સાથે અત્રે રજુ કરાયેલ છે. જેની તમામ જોગવાઇ ઓનું પાલન કરવાનું રહેશે.

૧૩. બાંધકામ મટીરીયલ્સ ટેસ્ટીંગ રીપોર્ટ તથા બાંધકામ અંગેનો પ્રગતિ અહેવાલ સમયાંતરે અત્રે રજુ કરવાના રહેશે. સરકારશ્રીના તા. ૨૯-૫-૨૦૦૧ નાં ઠરાવની તથા ત્યારબાદની વખતો વખતની જોગવાઇને આધીન બાંધકામ વિકાસ સરવાનગી મુજબ બાંધકામ કરવાનું રહેશે.

૧૪. મંજુર થયેલ બાંધકામ વિકાસ પરવાનગી મુજબ બાંધકામ કરવાનું રહેશે. જેમાં કોઇપણ ફેરફાર કરી શકાશે નહી. અન્યથા અત્રે થી રીવાઇઝડ વિકાસ પરવાનગી મેળવી લેવાની રહેશે.

૧૫. બાંધકામ અંગેના સ્ટ્રકચરલ અંગેની તમામ જવાબદારી સ્ટ્રકચરલ એન્જીનીયરશ્રી / એન્જીનીયરશ્રી તથા અરજદાર શ્રીની રહેશે. જે અંગે રૂડાની કોઇ જવાબદારી રહેશે નહી.

૧૬. જી.ડી. સી. આર. ની પ્રવર્તમાન જોગવાઇ મુજબ ફાયર સેફ્ટીની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. અને તે મુજબ સમગ્ર આયોજન પણ કરવાનું રહેશે. તથા ઉધોગમાંથી નિકળતા વેસ્ટના નિકાલ અંગેની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે. અને ઉધોગમાંથી નિકળતા ગંદા પાણીના નિકાલ માટે જરૂરી વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટની વ્યવસ્થા પણ કરવાની રહેશે. મંજૂર થયેલ હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી તથા ઉપયોગ કરતા પહેલા સરકારશ્રીનાં અન્ય વિભાગ / નિગમ બોર્ડની અન્યોની જરૂરી રહેતી તમામ મંજૂરીઓ / એન. ઓ. સી. મેળવી લેવાની જવાબદારી તમોની / માલિક્ની રહેશે.

૧૭. મંજૂર થયેલ હેતુ સિવાય અન્ય કોઇ હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહી. અન્યથા આપાયેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

૧૮. મંજૂર થયેલ લે-આઉટ મુજબ સ્થળે બાહય હદ માપો/ક્ષેત્રફળો ની અધિકૃત માપણી કરી સ્થળે મેળવી. લેવાની સમગ્ર જવાબદારી એન્જીનીયરશ્રી/આર્કીટેકશ્રી તથા અરજદારશ્રીની રહેશે.

RAJKOT URBAN DEVELOPMENT AUTHORITY
RUDA

૧૯. આ સાથેની કુલ (૧) થી (૧૬) થી જણાવેલ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

ફાઇલ પરની નોંધની માન. અધ્યક્ષશ્રીની મંજુરી અન્વયે.

જુનીયર નગર નિયોજક
શહેરી વિકાસ સત્તામંડળ
રાજકોટ

નકલ રવાના પ્રતિ,

(૧) નગર રચના અધિકારીશ્રી
ન.ર.યો. નં.
યુનિટ નં. જુની રૂડા બિલ્ડીંગ, રાજકોટ

(૨) તલાટી કમ મંત્રીશ્રી
મોજે માધાપર તા. રાજકોટ

બિડાણ :- ઉપર મુજબ